# કેન્દ્રમાં સાતમા વેતન પંચની રચના

નવી દિલ્હી,તા. ૨૫

દેશભરના આશરે ૫૦ લાખથી વધારે કેન્દ્રિય કર્મચારીઓ અને આશરે ૩૫ લાખ પેન્સનરોને તીવ્ર મોંઘવારી વચ્ચે આજે કેન્દ્ર સરકારે મોટી રાહત આપી હતી. ચૂંટણી વર્ષમાં યુપીએ સરકારે આજે સાતમા વેતન પંચની રચનાને લીલીઝંડી આપી હતી. આ વેતન પંચ બે વર્ષની અંદર તેની ભલામણો કરશે.સાતમા વેતન પંચ દ્વારા પગાર, ભથ્થા અને પેન્શનના મામલામાં ચકાસણી કરવામાં આવશે. કેન્દ્ર સરકારના કર્મચારીઓમાં સંરક્ષણ, રેલવેનો પણ સમાવેશ થાય છે. વેતન પંચના ચેરમેન અને સભ્યોના નામ અંગે ટુંક સમયમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. નાણાં પ્રધાન પી. ચિદમ્બરમે કહ્યુંહતું કે વડાપ્રધાન મનમોહનસિંહે સાતમા પંચની રચનાને લીલીઝંડી આપી દીધી છે. આ વેતન પંચની ભલામણ પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી અમલી બનાવવામાં આવે તેવી શક્યતા છે. સરકારે સાતમા વેતન પંચની રચનાની જાહેરાત એવા સમયમાં કરી છે જ્યારે નવેમ્બર મહિનામાં પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. આ પાંચ રાજ્યોમાં રાજસ્થાન અને દિલ્હીનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત આગામી વર્ષની શરૂઆતમાં લોકસભાની ચૂંટણી પણ યોજાનાર છે. વેતન પંચની ભલામણથી આશરે ૫૦ લાખ કેન્દ્રિય કર્મચારીઓ અને ૩૫ લાખ પેન્શનરોને પણ ફાયદો થશે. સરકાર પોતાના કર્મચારીઓના વેતન માપદંડમાં સુધારો કરવા માટે દર ૧૦ વર્ષમાં વેતન પંચની રચના કરે છે અને સામાન્ય રીતે હમેંશા રાજ્યો દ્વારા તેમનામાં કેટલાક સુધારા કરી તેમને અમલી બનાવવામાં આવે છે. નાણાંપ્રધાને કહ્યું હતું કે પંચને તેની ભલામણ તૈયાર કરવામાં આશરે બે વર્ષનો સમય લાગે છે જેથી સાતમા વેતન પંચની ભલામણોને પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી અમલી બનાવવામાં આવે તેવી શક્યતા છે. આ અગાઉ છઠ્ઠા વેતન પંચની ભલામણ પહેલી જાન્યુઆરી ૨૦૦૬થી અમલી બનાવવામાં આવી હતી.વિધાનસભાની ચૂંટણીમાં લાભ મેળવવા માટેનો હેતુ પણ આની પાછળ હોવાનુ નિષ્ણાંતો માની રહ્યા છે.છઠ્ઠા વેતન પંચની ભલામણ પહેલી જાન્યુઆરી ૨૦૦૬થી શરૂ થઇ હતી. જ્યારે પાંચમાં વેતન પંચની ભલામણને પહેલી જાન્યુઆરી ૧૯૯૬થી અમલી બનાવવામાં આવી હતી. જ્યારે ચોથી વેતન પંચની ભલામણ પહેલી જાન્યુઆરી ૧૯૮૬થી અમલી બનાવવામાં આવી હતી.







આજે ફિલ્મ સીટીમાં કપિલ શર્માના ફેમસ કોમેડી શો 'કોમેડી નાઈટ વીથ કપિલ'ના સેટ પર ભીષણ આગ લાગી હતી. જેમાં ચાર ફાયર ટેન્કર, ચાર વોટર ટેન્કર અને એમ્બ્યુલન્સ બચાવ કાર્ય માટે પહોંચી હતી.

## પાકિસ્તાન ભૂંકપ બાદ દરિયામાં દ્વીપની રચના : મૃતાંક ૨૬૪

ઈસ્લામાબાદ,તા. ૨૫

પાકિસ્તાનમાં ૭.૭ની તીવ્રતાના વિનાશકારી ભૂંકપ બાદ મોતનો આંકડો વધીને આજે ૨૬૪ ઉપર પહોંચ્યો હતો. મોટા ભાગના લોકોના મોત કાટમાળ હેઠળ દટાઇ જવાના કારણે થયા છે. કેટલાક લોકો હજુ કાટમાળ હેઠળ ફસાયેલા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. હજુ મૃતાંક વધે તેવી શકયતા દેખાઈ રહી છે. પાકિસ્તાનના બલુચિસ્તાનના અવારાન જિલ્લામાં સૌથી વધારે નુકસાન થયું છે. ઈજાગ્રસ્તોની સંખ્યા વધીને ૪૦૦થી વધુ પહોંચી છે. આ વિસ્તારોમાં ૩૦ ટકા મકાનો નાશન પામ્યા છે. દરિયામાં દ્વીપની રચના થતા ભારે આશ્ચર્ય થયું છે. પાકિસ્તાનમાં ભારે નુકસાન વચ્ચે ગ્વાદર દરિયા કાંઠે ધરતીકંપ બાદ દરિયામાં દ્વીપની રચના થઈ હતી.







અત્રે નોંધનીય છે કે ગઈકાલે પાકિસ્તાનમાં ૭.૮ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપનો આંચકો નોંધાયા બાદ તેની સીધી અસર રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને એનસીઆરના અન્ય વિસ્તારમાં નોંધાઈ હતી. દિલ્હી અને ગુજરાતના ઘણા ભાગો પણ ભૂકંપના કારણે હચમચી ઉઠ્યા હતા. અમદાવાદ શહેરમાં રહેતા લોકોમાં પણ આંચકાનો અનુભવ થયો હતો. અમેરિકાના ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યુછે કે દક્ષિણ પશ્ચિમ ાકિસ્તાનમાં ૭.૮ની તીવ્રતાનો પ્રચંડ આંચકો આવ્યા બાદ દિલ્હી અને એનસીઆરના પ્રદેશોમાં પણ આંચકાની અસર જોવા મળી હતી. આ પ્રચંડ આંચકો બલુચિસ્તાન પ્રાંતમાં ખુજદાર શહેરથી ૧૦૦ કિલોમીટર દક્ષિણપશ્ચિમે સ્થિત વિસ્તારમાં સાંજે ૪.૨૯ વાગ્યે આવ્યો હતો. ભૂગર્ભમાં આંચકાનું કેન્દ્ર હોવાથી ખુવારી ટળી ગઈ હતી. અમેરિકાના ભૂકંપ સાથે સંબંધિત વિભાગે મૂળભૂતરીતો આંચકાની તીવ્રતા ૭.૪ આંકી હતી અને આનું કેન્દ્ર ભૂગર્ભમાં ૨૯ કિલોમીટર નીચે નોંધાયુ હતુ. જો કે મોડેથી આ વિભાગે આંકડો સુધારીને જણાવ્યુ હતુ કે આની તીવ્રતા ૭.૮જેટલી નોંધાઈ હતી. મુખ્ય કેન્દ્ર ધરાવતા વિસ્તાર ખૂબ જ વસ્તીવાળા હતા જેથી ભૂકંપ બાદ રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. પાકિસ્તાનમાં રહેતા કેટલાક લોકોએ કહ્યુ હતુ કે પ્રચંડ ભૂકંપની અસર જોવા મળી રહી છે. નવી દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પણ લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી અને લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. પાકિસ્તાન સાથેની સરહદ નજીક આવેલા ગુજરાતના અનેક ભાગોમાં પણ આંચકાની અસર જોવા મળી હતી જેમાં અમદાવાદનો પણ સમાવેશ થાય છે. ક્વેટાથી ૩૫૦ કિલોમીટર દક્ષિણ પશ્ચિમે સ્થિત અવારણ જિલ્લામાં ઘણા મકાનો ધરાશાયી થઈ ગયા હતા.

## નેરોબી હુમલા બાદ ૨૦ ગુજરાતી બાળકો લાપતા

અમદાવાદ,તા. ૨૫

નેરોબીમાં શોપિંગ મોલ બાન કટોકટીનો આખરે અંત આવી ગયો છે. બાન કટોકટી ઉભી થયા બાદ પાંચમા દિવસે આ કટોકટીનો અંત આવ્યો હતો. કેન્યાના પ્રમુખ દ્વારા આની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. ખતરનાક ત્રાસવાદી સંગઠન અલ શબાબના પાંચ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જ્યારે ૧૧ ત્રાસવાદીઓને બાનમાં પકડી લેવામાં આવ્યા હતા. મળેલા્ હેવાલમાં જણાવવામાં આવ્યું છે કે નેરોબીમાં સ્થાયી થયેલા આશરે ૩૦ ગુજરાતી બાળકો હજુ લાપતા હોવાના અહેવાલ મળ્યા છે. નેરોબીમાં વેસ્ટગેટ શોપિંગ મોલ બાન કટોકીનો્ત આવતા તંત્રને અંતે રાહત થઈ છે પરંતુ આમાં મોટી કુવારીનો સામનો કરવો પડ્યો છે. લાપતા થયેલા અને માર્યા ગયેલા લોકોની ઓળખ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે માર્યા ગયેલા ગુજરાતી લોકોનો મોતનો આંકડો ખુબ વધારે હોઈ શકે છે. એવી પણ દહેશત છે કે માર્યા ગયેલા ગુજરાતી બાળકોનો ાંકડો પણ મોટો હોઈ શકે છે. કેન્યા રેડ ક્રોસ સમક્ષ પર લોકો લાપતા થયા હોવાની નોંધ રહેલી છે. જેમાં ગુજરાતી પરિવારના ૨૦ બાળકોનો સમાવેશ થાય છે. બચાવ અને રાહત ટીમની સાથે રહેલા લોકોએ કહ્યું છે કે માર્યા ગયેલા લોકોની ઓળખ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. કેન્યામાં બાન



કટોકટીનો ઉકેલ લાવવા છેલ્લા ફાઈનલ એસોલ્ટ કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ બના કટોકટીનો અંત લાવવાના પ્રયાસમાં ભારે નુકસાન પણ થયું છે. શોપિંગ મોલને થયેલા નુકસાનની ગણતરી કરવામાં આવી રહી છે. એમ માનવામાં આવે છે કે આ શોપિંગ મોલમાં મોટી સંખ્યમાં ગુજરાતી લોકોની પણ દુકાન અને શોપિંગ સેન્ટર છે. આ શોપિંગ મોલમાં દરરોજ હજારોની સંખ્યમાં લોકો આવતા હતા. હુમલા બાદ હવે લોકોની દહેશતને દુર કરવાના પ્રયાસો પણ હાથ ધરાયા છે.

## આઈપીએલના પૂર્વ કમિશનર લલિત મોદી ઉપર આજીવન પ્રતિબંધ

ચેન્નાઈ,તા. ૨૫

ઈન્ડિયન પ્રિમિયર લીગના ભૂતપૂર્વ કમીશનર લલિત મોદી પર આજે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આજે આજીવન પ્રતિબંધ મુક્યો હતો. ગેરશિસ્ત અને ગેરઆંચરણના આક્ષેપો અંગે શિસ્ત સમિતીએ લલિત મોદીને દોષિત જાહેર કરતા બીસીસીઆઇ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. હાઈ ડ્રામાની સ્થિતી વચ્ચે આ નિર્ણય સર્વસંમતિથી કરવામાં આવ્યો હતો. લલિત મોદી એક સમયે સૌથી શક્તિશાળી સેલિબ્રિટીમાં સ્થાન ધરાવતા હતા. બીસીસીઆઈએ તેમના પર લાઈફટાઈમ બેન મુકી દેતા તેઓ હવે કોઈ પણ હોદ્દા મેળવી શકશે નહીં. બીસીસીઆઈએ સુપ્રીમ કોર્ટ દ્વારા બેઠક પર સ્ટે મૂકવાનો ઈન્કાર કર્યા બાદ તરતજ બેઠકમાં મોદી પર આજીવન પ્રતિબંધ મુકવાનો નિર્ણય કર્યો હતો. આ અગાઉ દિલ્હીમાં લલિત મોદીએ સુપ્રીમ કોર્ટમાં બીસીસીઆઈની બેઠક પર સ્ટે મુકવાની માંગ કરીને અરજી દાખલ કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે લલિત મોદીની અરજીને ફગાવી દીધી હતી. હકીકતમાં દિલ્હી હાઈ કોર્ટે બેઠક પર સ્ટેને ઉઠાવી લીધો હતો ત્યાર બાદ મોદી પર આજીવન પ્રતિબંધ મુકવા માટે બીસીસીઆઈની બેઠક બોલાવી હતી. મોદી પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય બીસીસીઆઈની ચકાસણી સમિતિના રિપોર્ટના આધાર પર મુકવામાં આવ્યો છે. લલિત મોદી પર આઈપીએલ કમિશનર તરીકે ઈમાનદારીપૂર્વક કામ નહીં કરવા અને નાણાંકીય ગેરરીતિનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. હાઈ ડ્રામા વચ્ચે વિવાદાસ્પદ મોદી પર આ પ્રતિબંધ મુકાયો હતો. બીસીસીઆઈ અને મોદી વચ્ચે જોરદાર કાયદાકીય ખેંચતાણ ચાલી રહી હતી.

### આઈપીએલ સફળતામાં પણ લલિત મોદીનું યોગદાન

આઈપીએલના ભૂતપૂર્વ કમિશનર લલિત મોદીને દોષિત ઠેરવીને આજીવન પ્રતિબંધ મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. લિલત મોદી એ જ વ્યક્તિ છે જે વ્યક્તિએ ઈન્ડિયન પ્રિમિયર લિગને લોકપ્રિયતાની ચરમશીમા પર લઈ જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. આઈપીએલની લોકપ્રિયતા પણ સમગ્ર વિશ્વમાં લલિત મોદીના લીધે જ થઈ હતી. લલિત મોદીએ જ આઈપીએલની અંદર નવા રંગ ઉમેરી દીધા હતા. કોર્પોરેટ જગતને પણ આઈપીએલની અંદર સામેલ કરીને મોદીએ ભારે ચર્ચા જગાવી હતી. મોદી એક વખતે સૌથી ટોચના સેલિબ્રિટી તરીકે પણ દેશમાં ઉભરી આવ્યા હતા.



બીસીસીઆઈની ખાસ સામાન્ય બેઠક શિસ્ત સમિતિના અહેવાલના આધાર પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવી હતી. લલિત મોદી ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કોઈ પણ સત્તાવાર હોદ્દા અથવા તો ઓફિસમાં બેસી શકશે નહીં. બોર્ડની કોઈ પણ કમિટિ અથવા સભ્ય તરીકે તેઓ સ્થાન મેળવી શકશે નહીં. બોર્ડ સાથે સંબંધિત સમિતિમાં પણ તેઓ સ્થાન મેળવી શકશે નહીં. બીસીસીઆઈના એક અધિકારીએ કહ્યુ હતુ કે બેઠકમાં સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો હતો.

## સમાચાર ઝલક

- ♥ દિલ્હીમાં એક્સીસ બેંકનો કેશવાન ડ્રાઇવર ૧ કરોડ લઇ ફરાર.
- ♥ પટણામાં ૧ કરોડ નકલી સ્ટેમ્પ ઝડપાયા.
- ♥ પાકિસ્તાનમાં પેશાવરમાં ભૂકંપ બાદ સમુદ્રમાં ટાપુ બન્યો.
- ♥ ભારે વરસાદથી અમદાવાદ-મુંબઇ ટ્રેન વ્યવહારને ભારે અસર થઇ.
- ♥ વરસાદને કારણે સુરત-અમદાવાદ હાઇવે ૫૦ કિ.મી. સુધી જામ રહ્યો.
- ♥ ખેલાડીઓને ભારત રત્ન એવોર્ડ ન આપવા ગૃહમંત્રાલયનો મત.
- ♥ સાતમા વેતન પંચની કેબિનેટ મંજુરી આપી. ૧-૧-૨૦૧૬થી અમલ કેન્દ્રિય કર્મચારી માટે આનંદો.
- ♥ પાકિસ્તાનમાં ભૂકંપમાં ૨૦૦થી વધુ મોત.
- ♥ ઇરાકમાં ભારે હિંસા, બોમ્બ વિસ્ફોટો અને મિસાઇલથી તોપમારો, વિકટ પરિસ્થિતિ.
- ♥ દિલીપકુમારની તબિયત અંગે અમિતાભ બચ્ચને હોસ્પિટલની મુલાકાત લીધી.
- ♥ સુરતમાં સોશ્યિલ મીડિયા પર અફવા ફેલાવતા તત્ત્વો પર પોલીસની બાજ નજર.
- ♥ વડોદરા-નર્મદા જિલ્લામાં મેઘરાજાને ખમૈયા કરવા લોકોની પ્રાર્થનાઓ.
- ♥ ઓરિસ્સામાં વિટામીન ગોળીઓ બાળકોને અપાતાં બિમાર પડી ગયા. ૭૦ થી વધુ બાળકોની હાલત ગંભીર
- ♥ અમદાવાદમાં અંડર બ્રીજમાં બસો ચલાવવા માટે બે બસચાલકો સસ્પેન્ડ
- ♥ દિલ્હી યમુના નદી વિસ્તારમાં હજૂ ભૂકંપનો ભય નિષ્ણાતોનો મત.

**શેરબજારમાં ઉતારચઢાવનો દોર જારી**

## સેન્સક્સ ૬૪ પોઈન્ટ ઘટીને ૧૯૮૫૬ની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૨૫

શેરબજારમાં આજે પણ મંદીનું મોજુ જોવા મળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ ૬૪ પોઈન્ટ ઘટીને ૧૯૮૫૬ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૯ પોઈન્ટ ઘટીને ૫૮૭૪ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિશ્ર સ્થિતિ રહી હતી. મિડકેપમાં ૦.૧ ટકાનો સુધારો રહ્યો હતો. જ્યારે સ્મોલકેપમાં ૦.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ ખૂબજ નકારાત્મક રહી હતી. આજે ૨૪૫૮ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૨૫૪ શેર મંદીમાં રહ્યા હતા. ૧૦૫૫ શેર તેજીમાં રહ્યા હતા. એફઆઈઆઈ દ્વારા ૨૧૦ મિલિયન શેરનું વેચાણ કરવામાં આવી ચુક્યુ છે. મંગળવારના દિવસે આ શેરનું વેચાણ થયુ હતુ. સોમવારના દિવસે પણ ૨૫૯ મિલિયન ડોલરની કિંમતના શેરનું વેચાણ કરાયુ હતુ. એશિયન બજારમાં આજે બીજા દિવસે મંદી રહી હતી. ચાવીરૂપ સેક્ટરલ ઇન્ડેક્સમાં મંદી રહી હતી જેમાં રિયાલિટી, બેંક, ઓઈલ એન્ડ ગેસ, એફએમસીજીનો સમાવેશ થાય છે. જો કે પાવર, કેપિટલ ગુડ્સ, હેલ્થકેર અને મેટલના શેરમાં તેજી રહી હતી. રિલાયન્સમાં સૌથી વધુ ૩.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. એચડીએફસી બેંકમાં ૨.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં બે ટકાનો ઘટાડો નોંધાયો હતો. શેરબજારમાં છેલ્લા બે દિવસથી ચાલી રહેલી મંદી પર ગઇકાલે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે નજીવો સુધારો રહ્યો હતો. સેન્સેક્સ ગઇકાલે ૧૯ પોઈન્ટના સુધારા સાથે ૧૯૯૨૦ની સપાટીએ રહ્યો હતો. એક વખતે સેન્સેક્સ ૨૦૦૫૦ની સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે ઇન્ટ્રાડે વેળા જ એક વખતે ૧૯૭૮૩ની સપાટીએ પહોંચ્યો હતો. ગઇકાલે નિફ્ટી ત્રણ પોઈન્ટ સુધરીને ૫૮૯૨ની સપાટીએ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ૮૦.૫૭ કરોડની કિંમતના શેરનું વેચાણ ગઈકાલના દિવસે કર્યુ હતુ. આની સાથે જ છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલી લેવાલી પર બ્રેક મુકાઈ હતી.

## મારૂતિ કાર કિમતોમાં ૧૦ હજાર સુધીનો વધારો કરશે

નવી દિલ્હી,તા. ૨૫

દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ આજે કહ્યુ હતુ કે તે તમામ મોડલની કાર કિંમતોમાં ૧૦ હજાર રૂપિયા સુધીનો વધારો ઓક્ટોબર મહિનાથી કરશે. એવું પણ જાણવા મળ્યુ છે કે ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં ભાવ વધારાને અમલી બનાવવામાં આવશે. ડોલર સામે રૂપિયામાં થઈ રહેલા ઘટાડાના પરિણામ સ્વરૂપે આ સ્થિતિ સર્જાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મારૂતિ સુઝુકી ઈન્ડિયાના ચીફ ઓપરેટીંગ ઓફિસર મયંક પારીખે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે ઉત્પાદન ખર્ચમાં તીવ્ર વધારો થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે કિંમતો પણવધી રહી છે. બજારમાં મંદી હોવાના લીધે માંગ ઘટી છે છતાં ભાવમાં વધારો ઝીંક્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ દેખાઈ રહ્યા નથી. પારીખે એમ પણ કહ્યુ હતુ કે કાર કિંમતોમાં વધારો જુદી જુદી મોડલોની કાર પર આધારિત રહેશે. આ વધારો ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં અમલી બનાવવામાં આવ્યા બાદ અન્ય કાર કંપનીઓ પણ આ દિશામાં આગળ વધે તેમ માનવામાં આવે છે. કાર કિંમતોમાં વધારાની રકમ ત્રણ હજારથી ૧૦ હજારની વચ્ચે રહેશે. પારીખે એમ પણ કહ્યુ હતુ કે મારૂતિ સુઝુકી ઈન્ડિયાના વાહોનોની કિંમત જે ભારતમાં બની રહ્યા છે તેની ૨.૩૫ લાખથી શરૂ થાય છે અને ૧૦.૨૧ લાખ સુધીની છે આ કિમતો કંપનીની સત્તાવાર વેબસાઈટ પર છે.

મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ જાન્યુઆરી મહિનામાં કિમતોમાં છેલ્લે વધારો કર્યો હતો તે વેળા ૨૦ હજાર સુધીનો વધારો કરવામાં આવ્યો હતો. છેલ્લા થોડાક મહિનામાં ડોલર સામે રૂપિયો ઘટ્યો છે. ડોલર સામે રૂપિયો ૬૮.૮૫ સુધી પહોંચી ગયો છે. આ મહિનાની શરૂઆતમાં જ હ્યુન્ડાઈ અને જનરલ મોટર્સે વાહનોની કિમતમાં ૨૦ હજાર સુધીનો વધારો કર્યો હતો. તાતા મોટર્સે પણ કહ્યુ છે કે તે કાર કિમતોમાં વધારો કરવાની યોજના ધરાવે છે. આ વધારો ૧-૧.૫ ટકા વચ્ચે રહેશે. ટોયોટા મોટર્સે પણ તેના લોકપ્રિય મોડલ્સની કાર કિમતોમાં ૨૪ હજાર સુધીના વધારાની જાહેરાત ૨૧મી સપ્ટેમ્બરે કરી હતી.

## ઝીરો ઈન્ટરેસ્ટ સ્કીમ ઉપર અંતે પ્રતિબંધ મૂકી દેવાયો

નવી દિલ્હી,તા. ૨૫

ડેબિટ અને ક્રેડિટ કાર્ડ મારફતે ખરીદી કરવાની સ્થિતિમાં હવે આપને ઝીરો ઈન્ટરેસ્ટ અથવા તો શૂન્ય વ્યાજદરની આકર્ષક સ્કીમનો લાભ મળી શકશે નહીં કારણ કે આરબીઆઈએ આવી સ્કીમ પર પ્રતિબંધ મુકી દીધો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ડેબિટ અને ક્રેડિટ કાર્ડ મારફતે કન્ઝ્યુમર ગુડ્સ ખરીદવા માટે ઝીરો ઈન્ટરેસ્ટ રેટ પર પ્રતિબંધ મુકી દીધો છે. હજુ સુધી અનેક બેંક મોબાઈલ, લેપટોપ અને ટીવી જેવી ઈલેક્ટ્રોનીક્સ ચીજવસ્તુઓ સહિત ઘણી બીજી ચીજોની ખરીદારી પર ગ્રાહકોને આકર્ષિત કરવા માટે ઝીરો ઈન્ટરેસ્ટ રેટ જેવી સ્કીમ ચલાવી રહ્યા હતા. રિઝર્વ બેંકે એવી સ્કીમોને તાત્કાલીક ધોરણે બંધ કરવાનો આદેશ કર્યો છે. રિઝર્વબેંકે કહ્યુ છે કે ડેબિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડ મારફતે કન્ઝ્યુમર ગુડ્સની ખરીદી પર બેંકો દ્વારા પેમેન્ટમાં વધારાના ચાર્જ છોડી શકાય તેમ નથી.

રિઝર્વ બેંકના આ આદેશ બાદ હવે વ્યાજ વગરની રકમ પર ચીજવસ્તુઓ મળી શકશે નહીં. રિઝર્વબેંકે એક નિવેદન જારી કરીને આ મુજબની વાત કરી છે. ક્રેડિટ કાર્ડ પર ઓફર કરવામાંઆવતી સ્કીમોના કારણે ઘણી અડચણો ઉભી થઈ હતી. જાહેરનામામાં વધુમાં જણાવવામાં આવ્યુ છે કે ટૂંક સમયમાં જ વધુ સ્પષ્ટતા કરવામાં આવશે. હજુ સુધી કંપનીઓ કિંમતી ચીજવસ્તુઓ માટે આ પ્રકારની ઓફરો આપતી હતી સાથે સાથે બેંકો પણ ગ્રાહકોને આકર્ષિત કરવા માટે સ્કીમોની ઓફર કરી રહી હતી પરંતુ આરબીઆઈએ લાલ આંખ કરીને આવી સ્કીમ બંધ કરી દીધી છે.